www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૯ | ૨૮ જુલાઈ, ૨૦૧૮, શનિવાર; અષાઢ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પ્રભાતના પગરવ...

પ્રારંભ પ્રેમધારાથી...

આજકાલ પિડીતો, વંચિતો, ગરીબો વિશે વાત ખૂબ થાય છે... પરંતુ વાસ્તવિક એમના માટે સર્જનાત્મક અને સકારાત્મક કામ બહુ ઓછા થાય છે... પરંતુ જે થાય છે તે નક્કર થાય છે... વાત ગાંધીનગરની જ છે... મારું શું અને મારે શું ? સૂત્ર જ્યાં વારંવાર અનુભવાય એવા નગરમાં સંવેદનશીલતાની સરિતા પણ વહે છે... નોંધપાત્ર સકારાત્મક કામો થાય છે એમાનું પ્રથમ હરોળના કામના ઉલ્લેખથી પ્રભાતના પગરવનો પ્રારંભ કરીએ છીએ...

પિડીતો, વંચિતો, ઝુંપડાવાસીઓ, ઘરે-ઘરે કચરા-પોતા કરનારાના સંતાનોને ભણાવવાની ચિંતા એટલે પ્રેમધારા... આ સંસ્થાના સંચાલકોને ક્યારેય પ્રસિદ્ધિમાં રસ નથી... અને તેમનું નામ નહિ છાપવાની શરતે આ સકારાત્મક વાત માંડવી છે...

ગાંધીનગરના ઝુંપડાવાસીઓના બાળકોનો દર વેકેશનમાં સર્વે કરાય છે, તેમાંથી વધુમાં વધુ જરૂરિયાતવાળા ૬૦ બાળકોની પસંદગી થાય છે એટલે કે ૩૦-૩૦ના બે વર્ગો શરૂ કરી શકાય તે માટે સંખ્યાની મર્યાદા મુકાઈ છે... આ પસંદ કરાયેલા ૬૦ વિદ્યાર્થીઓને સ્વચ્છતા માટેના પ્રાથમિક પાઠ ભણાવાય છે... તેમને નિયત યુનિફોર્મ ઉપલબ્ધ કરાવાય છે... એટલું જ નહિ પરંતુ દરરોજ સ્કૂલના ખર્ચે સ્કૂલ બસમાં સવારે સ્કૂલે લઈ જવાય છે અને સાંજે તેમના નિવાસસ્થાને પરત મુકવા પણ સ્કૂલ બસની વ્યવસ્થા કરવામાં આવી છે. દિવસ દરમિયાન એક વખતનું સંપૂર્ણ ભોજન અને એક વખત પૌષ્ટિક નાસ્તો પણ આ બાળકોને વિનામૂલ્યે અપાય છે... અહિં ૮૦૦ બાળકો વિનામૂલ્યે અભ્યાસ કરી રહ્યા છે...

અને હા, આ સંસ્થાના સંકુલમાં અદ્યતન વર્ગખંડો, મોકળાશભર્યું મેદાન અને આધુનિક ટેકનોલોજીની સાથે ઈત્તર પ્રવૃત્તિઓ માટે મોકળાશ પણ ઉપલબ્ધ છે..

આ હતી માત્ર લાવવા-લઈ જવાની વાત... પરંતુ સારામા સારા શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા તેમનો અભ્યાસક્રમ ભણાવાય છે... વરસમાં છ મહિના તો વધારાના ખાસ વર્ગો લઈને અંગ્રેજી અને ગણિત જેવા વિષયો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે... શિક્ષણ ફી, ટ્યુશન ફી, ગણવેશ ફી, ભોજન ફી કે ટ્રાન્સપોર્ટેશન ચાર્જ પણ લેવામાં આવતો નથી... આવી અદ્દભૂત અને અનોખી સેવા ગાંધીનગરમાં જ છેલ્લા ૬ વરસથી અવિરત કાર્યરત છે... કોઈપણ જાતના પ્રચાર - પ્રસાર વિના ચાલતી આ સેવાની સુગંધ આ લખવા માટે પ્રેરક બની છે...

સેક્ટર-૨૦ની પ્રાથમિક શાળાના પ્રાંગણમાં ગરીબ બાળકોને રાત્રિશિક્ષણના વર્ગોમાંથી ઉગેલ વિચાર વિસ્તરતો - વિસ્તરતો આ સંસ્થાનો આકાર બનીને ઉભો છે... અને આ સંવેદનશીલ વિચારને હૃદયપૂર્વક વંદન અને અભિનંદન પાઠવીએ એટલા ઓછા છે... આવો સૌ સાથે મળી આવી સંવેદનશીલ વૃત્તિ - પ્રવૃત્તિને પોંખીએ...

# એલજેપી શિવસેનાના માર્ગે

**એનડીએથી વધુ એક પક્ષ નારાજ : એનજીટીના ચેરમેનને દૂર કરવા કરાયેલી માંગ : ભાજપને મુદ્દા આધારિત ટેકો હોવાની પણ વાત કરવામાં આવી : દલિતો પર અત્યાચારની વિરૂદ્ધ કાયદામાં કઠોર જોગવાઈ કરવા તથા નવમી ઓગસ્ટ સુધી ગોયેલને હોદ્દાથી દૂર કરવાની માંગ : એલજેપી લડાયક મૂડમાં**



નવીદિલ્હી,તા. ૨૭

કેન્દ્ર સરકારના મંત્રી રહેલા રામવિલાસ પાસવાનની લોકજન શક્તિ પાર્ટીએ કઠોર વલણ અપનાવ્યું છે. આજે પાર્ટીએ સ્પષ્ટતા કરી હતી કે, ભાજપને મુદ્દા આધારિત ટેકો આપવામાં આવેલો છે. પાર્ટીએ દલિતો પર અત્યાચારની સામે કાયદામાં કઠોર જોગવાઈ કરવા તથા ૯મી ઓગસ્ટ સુધી એનજીટીના અધ્યક્ષ એકે ગોયેલને હોદ્દા ઉપરથી દૂર કરવાની માંગ કરી છે. પાર્ટીના સાંસદ અને રામવિલાસ પાસવાનના પુત્ર ચિરાગ પાસવાને પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, પાર્ટીની અંદર કેટલાક લોકોની ધીરજ ખુટી ગઈ છે. કારણ કે, દલિતો અને આદિવાસીઓને લઈને ચિંતા સપાટી ઉપર આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં ભાજપ અને એલજેપી વચ્ચે ગંઠબંધનના મૂડમાં આ સમુદાયની સુરક્ષા અને હિતો હતો. ચિરાગ પાસવાને કહ્યું હતું કે, તેમની પાર્ટી

● અનુસંધાન પાન-૭ પર

## દલિત સંગઠનો દ્વારા ૧૦મી ઓગસ્ટે ભારત બંધનું એલાન

નવીદિલ્હી,તા.૨૭

એસસી-એસટી એક્ટને મૂળભૂત સ્વરુપમાં રજૂ કરવાની માંગને લઈને અનેક દલિત સંગઠનો અને આદિવાસી સંગઠનો દ્વારા ૧૦મી ઓગસ્ટના દિવસે ભારત બંધની હાકલ કરવામાં આવી છે. ભારત બંધની હાકલના પરિણામ સ્વરુપે હિંસા ફેલાવવાની દહેશત પણ રહેલી છે જેથી કેન્દ્ર સરકાર ખુબ સાવધાન દેખાઈ રહી છે.

એલજેપી તરફથી ઉગ્ર વલણ અપનાવવામાં આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા જોવા મળી રહી છે. એલજેપી પણ એનડીએ સાથે છેડો ફાડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ મુદ્દાને લઈને હજુ બંને પાર્ટીઓ પોતપોતાના વલણ ઉપર આગળ વધી રહી છે. ૧૦મી ઓગસ્ટના દિવસે ભારત બંધની હાકલ દલિત સંગઠન તરફથી કરવામાં આવી છે ત્યારે સમુદાયના લોકોને સમજાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## ભારત-ચીન સંબંધોને સામાન્ય કરવા માટે ફરીથી સહમત થયા

**ચીની સંરક્ષણમંત્રી આગામી મહિને ભારત આવશે**
**મોદી-જિંગપિંગ વચ્ચે બ્રિક્સના ભાગરુપે બેઠક**

નવીદિલ્હી, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ શી જિંગપિંગ વચ્ચે વધુ એક મહત્વપૂર્ણ મિટિંગ યોજાઈ છે. સંબંધોને સામાન્ય બનાવવાના મુદ્દા ઉપર સહમતિ થઈ છે. ચીનના સંરક્ષણ મંત્રી આગામી મહિને ભારત આવશે જેમાં કેટલીક જટિલ બાબતો ઉપર ચર્ચા થશે. બંને દેશોના વડાઓની આ બેઠક ખુબ ઉપયોગી સાબિત થઈ જશે. બ્રિક્સ સમિટના ભાગરુપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોહાનિસબર્ગ પહોંચી ચુક્યા છે. મોદીએ ગુરુવારના દિવસે ચીની પ્રમુખ જિંગપિંગ સાથે વાતચીત કરી હતી. બ્રિક્સ સમિટના ભાગરુપે છેલ્લા ત્રણ મહિનામાં બંને નેતાઓ વચ્ચેની આ ત્રીજી મિટિંગ છે. મોદીએ જિંગપિંગને કહ્યું હતું કે, આ ગતિને જાળવી રાખવાની બાબત ખુબ જરૂરી બની છે. આના માટે અમને પોતાના સ્તર ઉપર નિયમિતરીતે સંબંધોની સમીક્ષા કરવી જોઈએ. જ્યારે પણ જરૂર પડે ત્યારે યોગ્ય આદેશ પણ આપવામાં આવે. તેઓએ ચીની નેતાને કહ્યું હતું કે, તેમની હાલની બેઠકો દ્વિપક્ષીય સંબંધોને નવી તાકાત આપી છે. સાથે સાથે સહકારના નવા અવસર પણ ઉભા થયા છે. શી જિંગપિંગે કહ્યું હતું કે, ચીની પાર્ટી વુહાનમાં તેમની અનૌપચારિક બેઠખ બાદ દ્વિપક્ષીય

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી-એનસીઆરમાં બીજા દિવસે પણ ભારે વરસાદ

**દિલ્હી અને ગાઝિયાબાદના નિચાળવાળા વિસ્તારો જળબંબાકાર**
**દિલ્હીમાં ઘણી જગ્યાઓએ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ**

નવી દિલ્હી,તા, ૨૭

દિલ્હી અને એનસીઆરમાં ભારે વરસાદ હજુ પણ જારી રહ્યો છે. જો કે પહેલાની સરખામણીમાં વરસાદ હવે ઓછો છે છતાં જનજીવન ખોરવાયેલુ છે. જુદા જુદા વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતી જોવા મળી રહી છે. ભારે વરસાદના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદના કારણે મુલચંદ ફલાયઓવરથી એમ્સ તરફ જતા રસ્તા પર જળબંબાકારની સ્થિતી સર્જાઇ હતી. સાઉથ એક્સટેન્શનની પાસે ક્લસ્ટર બસ ખરાબ થવાના કારણે ટ્રાફિકને અસર થઈ રહી છે. દિલ્હી-એનસીઆર વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર



## મધ્યપ્રદેશમાં ૫૫ કિલો સોનાના કળશની ચોરી

મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લાના રાજમહેલ સ્થિત રામ જાનકી મંદિરના ગુંબજ પર લગાવેલ ૫૫ કિલોગ્રામ વજનના કળશની ચોરી થઈ છે. ૧૫ કરોડ રૂપિયાના કળશની ચોરી થતાં પોલીસ દોડતી થઈ ગઈ છે.

## ન્યુઝ ટ્રેક

### કરૂણાનીધિની હાલત ગંભીર

ડીએમકેના અધ્યક્ષ એમ. કરૂણાનિધિ ગંભીર બીમારીમાં પટકાયા છે. ૯૪ વર્ષિય કરૂણાનિધિની સારવાર તેમના ઘરે જ કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફોન દ્વારા તેમના ખબર-અંતર જાણ્યા હતા.

### શ્રીલંકાના ઓપનીંગ ક્રિકેટર પર પ્રતિબંધ

શ્રીલંકા ક્રિકેટબોર્ડે ઓપનીંગ બેટ્સમેન ધનુષ્કા ગુણતિલકે પર છ મેચનો પ્રતિબંધ લગાવી દીધો છે. ખેલાડીઓની આચારસંહિતાના ભંગ મામલે તેમના પર પ્રતિબંધ લગાવાયો છે.

### હિમાચલ પ્રદેશમાં ભૂકંપના આંચકા

હિમાચલ પ્રદેશમાં સતત થઈ રહેલા વરસાદ વચ્ચે ભૂકંપના જોરદાર આંચકાઓ અનુભવાયા હતા. રીક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ માપવામાં આવી હતી.

### પેટીએમ નોયડામાં નવું હેડ ક્વાર્ટર બનાવશે

ડિજિટલ પેમેન્ટ કંપની પેટીએમ દ્વારા નોયડામાં નવું હેડક્વાર્ટર બનાવવા માટે ૧૦ એકર જમીન ખરીદવામાં આવી છે. આ દેશના કોઈ કંઝ્યુમર ઈન્ટરનેટ સ્ટાર્ટઅપ દ્વારા થોડા વર્ષના સમયગાળામાં ખરીદવામાં આવેલી સૌથી મોટી પ્રોપર્ટી છે. કર્મચારીઓની સંખ્યા વધતા તેને વધારે જગ્યાની જરૂરીયાત છે.

## ભારે વરસાદથી ફતેહપુર સિકરીની દિવાલ ધરાશાયી



આગરા,તા.૨૭

ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ બાદ વિભાગ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાના દાવાની પોલ ખુલી ગઈ છે. આગરામાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે ઐતિહાસિક ઈમારત ફતેહપુર સિકરીની દિવાલ પણ ધરાશાયી થઈ ગઈ છે. લાલદરવાજાની નજીક દિવાલ ધરાશાયી થવાની સ્પષ્ટતા પોલીસ અધિકારીઓ અને આર્કિયોલોજીકલ વિભાગ દ્વારા પણ કરવામાં આવી ચુકી છે. ભારે વરસાદના પરિણઆમ સ્વરુપે ૨૦ ફૂટ ઉંચી દિવાલનો એક હિસ્સો ધરાશાયી થઈ ગયો હતો. જો કે, આ બનાવમાં કોઈને પણ ઈજા થઈ નથી. જાણકાર લોકોનું કહેવું છે કે, પ્રવાસીઓને હાલમાં ત્યાં જવાની મંજુરી આપવામાં આવી નથી. અલબત્ત કેટલાક લોકો હાલમાં દિવાલની નજીક રહે છે. તેમની સુરક્ષાને ધ્યાનમાં લઈને ત્યાં એક બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યું છે જેમાં કહેવામાં આવ્યું છે કે, દિવાલની આસપાસ જવાની બાબત ખતરનાક બની શકે છે. બીજી બાજુ કાટમાળને દૂર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. દિવાલની મરમ્મત માટે જરૂરી ચીજવસ્તુ તૈયાર કરવામાં આવી રહી છે. મોનસુનની પૂર્ણાહૂતિ બાદ સમારકામની કામગીરી હાથ ધરવામાં આવશે.

## પાકિસ્તાન ચૂંટણીમાં હિન્દુ નેતા ડૉ.મહેશકુમારની જીત

ઈસ્લામાબાદ,તા.૨૭

માનવામાં ના આવે પણ પાકિસ્તાનમાં થયેલી ચૂંટણીમાં પહેલી વખત કોઈ હિન્દુ નેતા જનરલ બેઠક પરથી નેશનલ એસેમ્બલીની ચૂંટણી જીત્યા છે. ડો.મહેશકુમાર મલાની દક્ષિણી સિંદ પ્રાંતની થારપરકાર બેઠક પરથી વિજયી બન્યા છે.આ બેઠક પર હિન્દુ મતદારો નોંધપાત્ર પ્રમાણમાં છે.

Whimsical Fusion
presents
a melange of inspiring experiences
by the women, for the women.

EXPOSITION:
Clothing - Ethnic, Western and Indo-Western |
Jewellery | Rakhi | Homemade Cakes and Chocolates |
Bonsai Plants | Home Decor | Cosmetics | Tattoo | Nail Art

DATE, TIMINGS AND VENUE:
Today and Tomorrow
between 11 am to 8 pm at
Infocity Club & Resort, Gandhinagar.

INAUGURATION:
Shrimati Smitaben Krishnakant Jha (Gandhinagar Samachar)
Today at 11 am

To get inspired from the stories of dogged determination, unwavering focus and insurmountable strength, listen to the Female Motivational Speakers from across the walks of life - Senior Police Officer, Gynaecologist, Scientist, Body Builder, Differently Abled Sportsperson...
Between 6 pm to 8 pm on both the days

WHAT'S MORE:
Live Makeup | Tarot Readings | Power Garba Performance |
Free Henna Therapy | Rajasthani Folk Music Performance |
Talvaar Raas Performance

For further queries, call:
Mahi Rathore: +91 99786 90619 | Pinky Desai: +91 99250 36380

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓગસ્ટ થી દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો
આંદામાન - નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા
મુન્નાર-થેકડી
દાર્જીલીંગ
ગંગટોક-પેલીંગ
સિમલા
મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની
વાયનાડ-હસન
ભુતાન
પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ
કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955